"આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો" હેઠળ તાલુકામાં આવેલા પ્રાંત અધિકારીશ્રીઓને સોંપવાની થતી જળસંપત્તિ પ્રભાગની કામગીરી બાબત.

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પરચ /૧૦૨૦૧૧/આઇબી-૪/એમ.આઇ.સેલ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ.૨૬/૪/૨૦૧૧.

**આમુખઃ**

રાજ્ય સરકાર દ્વારા "આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો" હેઠળ તાલુકા કક્ષાએ પ્રાંત અધિકારી દ્વારા સરકારનો વહીવટ ચલાવવાનું નક્કી થયેલ છે. પ્રાંત અધિકારીશ્રીઓને મહેસૂલ વિભાગે સોંપેલી ફરજો ઉપરાંત અન્ય વિભાગો હસ્તક ચાલતી કામગીરીની પ્રગતિની દેખરેખ રાખવી, તાલુકા માં આવેલ વિવિધ વિભાગોની કચેરીઓ વચ્ચે સંકલન સાધવું અને તાલુકા કક્ષાએ આવતી ફરિયાદોનું નિવારણ કરવું એ પ્રકારની મુખ્ય કામગીરી સોંપવાનું નક્કી થયેલ છે. વહીવટી તંત્રને વધુ અસરકારક, લોકાભિમુખ અને પારદર્શક બનાવી શકાય તે માટે રાજ્ય સરકારે વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવતી કામગીરીને તાલુકા કક્ષાએ પ્રાંત અધિકારીને સોંપવાના અનુસંધાને જળસંપત્તિ પ્રભાગની કામગીરી પ્રાંત અધિકારીશ્રીઓને સોંપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ**

ઉપરોકત બાબતે જળસંપત્તિ પ્રભાગ હેઠળની કામગીરીની કાળજીપૂર્વકની વિચારણાને અંતે નીચે મુજબની "આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો" હેઠળ પ્રાંત અધિકારીશ્રીઓને તાલુકા કક્ષાએ કામગીરી સોંપવાનું ઠરાવવામાં આવે છેઃ

(૧) દરેક પ્રાંત અધિકારીએ તેમના કાર્યક્ષેત્રમાં આવતી તમામ સિંચાઇ યોજનાઓ દ્વારા થયેલ સિંચાઇ અને કરવામાં આવેલ ખેતીની વસૂલાતની કાર્યવાહીની તેઓએ જાતે દેખરેખ રાખવાની રહેશે.

(૨) જળસંપત્તિ વિભાગને લગતી લોક-ફરિયાદોનું નિવારણ કરવાનું રહેશે અને આ માટે તાલુકામાં આવેલી નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીઓની કચેરીઓ દ્વારા તેમને સંપૂર્ણ સહયોગ આપવાનો રહેશે.

(૩) પ્રાંત અધિકારી દ્વારા સિંચાઇ યોજનાઓના બાંધકામ માટે જરૂરી જમીન સંપાદનને લગતી કામગીરીમાં સહાયરૂપ થવાનું રહેશે. સિંચાઇ યોજના વિષયક જમીન સંપાદનની સઘળી કાર્યવાહી જે તે તાલુકાના પ્રાંત અધિકારીએ કરવાની રહેશે.

(૪) ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિમિટેડ હસ્તક વિતરણ અંગેનો કોઇ સ્ટાફ ન હોવાથી પ્રાંત અધિકારી તેમના હસ્તક ના નેટવર્ક દ્વારા લોકજાગૃતિ ફેલાવી ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિમિટેડની સૂક્ષ્મ સિંચાઇનો ફેલાવો વધારવામાં સહાયરૂપ થવાનું રહેશે અને આ જ રીતે ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડ હસ્તક ના જે જે ટ્યૂબવેલ ઉપર સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ દાખલ કરવાની થાય તેમાં પણ મદદરૂપ થવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી) ૨૧૫૫

(એમ.પી.રાવલ)

ખાસ ફરજ પરના અધિકારી(સિં.યો.)

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,

૧. માન.મુખ્ય મંત્રીશ્રી ના અંગત સચિવશ્રી સચિવાલય ગાંધીનગર

૨. માન.મંત્રીશ્રી (જ.સ.) ના અંગત સચિવશ્રી સચિવાલય ગાંધીનગર

૩. માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (જ.સ.) ના અંગત સચિવશ્રી સચિવાલય ગાંધીનગર

૪. માન.સંસદીય સચિવશ્રી (જ.સ.) ના અંગત સચિવશ્રી સચિવાલય ગાંધીનગર

૫. અગ્ર સચિવશ્રી (ખર્ચ) ના અંગત સચિવશ્રી નાણા વિભાગ સચિવાલય ગાંધીનગર

૬. અગ્ર સચિવશ્રી મ. અને મા. વિભાગ ના અંગત સચિવશ્રી સચિવાલય ગાંધીનગર

૭. અગ્ર સચિવશ્રી મહેસૂલ વિભાગ ના અંગત સચિવશ્રી સચિવાલય ગાંધીનગર

૮. અગ્ર સચિવશ્રી પાણી પુરવઠા ના અંગત સચિવશ્રી ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ સચિવાલય ગાંધીનગર

૯. સચિવ શ્રી (જ.સં.) ના અંગત સચિવશ્રી ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ સચિવાલય ગાંધીનગર

૧૦. સચિવ શ્રી (નર્મદા) ના અંગત સચિવશ્રી ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ સચિવાલય ગાંધીનગર

૧૧. સચિવ શ્રી (પુનઃ વસવાટ, નર્મદા) ના અંગત સચિવશ્રી ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ સચિવાલય ગાંધીનગર

૧૨ . સચિવ શ્રી (કલ્પસર ) ના અંગત સચિવશ્રી ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ સચિવાલય ગાંધીનગર

૧૩ . ખાસ સચિવ શ્રી (જ.સં.) ના અંગત સચિવશ્રી ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ સચિવાલય ગાંધીનગર

૧૪ . નાણા સલાહકારશ્રી (સિં.યો) ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ સચિવાલય ગાંધીનગર

૧૫ . વહિવટી સંચાલક શ્રી, ગુ. જ.સં.વિ.નિ.લી. ગાંધીનગર

૧૬ . વહિવટી સંચાલક શ્રી, ગુ. ગ્રીન રીવોલ્યુશન કં.લી. વડોદરા

૧૭ . સર્વે અધીક્ષક ઇજનેરશ્રી ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ

૧૮. સર્વે અધિકારીશ્રી ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ સચિવાલય ગાંધીનગર

૧૯ . સર્વે શાખા ઓ ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ સચિવાલય ગાંધીનગર

૨૦ . સીલેક્ટ ફાઇલ